પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૪૪ | ૧૬ નવેમ્બર, ૨૦૨૨, બુધવાર; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

મિઝોરમમાં પથ્થરની ખાણ ધરાશાયી

મિઝોરમના હનાથિયાલ જિલ્લાની દુર્ઘટના : ૧૨ ફસાયા, આઠનાં મૃતદેહ મળ્યા : તમામ મૃતક બિહારના રહેવાસી

મિઝોરમ, તા.૧૫

મિઝોરમમાં સોમવારે એક પથ્થરની ખાણ ધરાશાયી થઈ ગઈ હતી જેમાં ૧૨ મજૂરો ફસાયા હતા. અત્યાર સુધીમાં ૮ મૃતદેહો મળી આવ્યા છે અને ત્રણ લોકોના શરીરના કેટલાક અંગો મળી આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, તમામ બિહારના રહેવાસી છે. એસડીઆરએફ, બીએસએફઅને આસામ રાઈફલ્સની ટીમ ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. હજુ સુધી મૃતદેહોની ઓળખ થઈ શકી નથી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આ એક મોટી પથ્થરની ખાણ છે. ખાણકામમાં રોકાયેલા ૧૨ મજૂરો ફસાઈ ગયા હતા. આ અકસ્માત હનાથિયાલ જિલ્લામાં થયો હતો. અચાનક થયેલા અકસ્માતને કારણે ત્યાં હાજર મજૂરોને ભાગવાની તક પણ મળી ન હતી. સમાચાર મળતાં જ આસપાસના ગામોના લોકો પહોંચી ગયા અને ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. એસડીઆરએફ, બીએસએફ અને આસામ રાઈફલ્સની ટીમો હજુ પણ રાહત અને બચાવમાં લાગેલી છે.

આ ખાણનો કોન્ટ્રાક્ટ એ બીસીઆઈઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ સાથે છે અને છેલ્લા અઢી વર્ષથી અહીં ખાણકામનું કામ ચાલી રહ્યું હતું.

ફલાઈન મંડલના સરહદી વિસ્તારમાં

ડ્રોનમાં આઈઈડી અને ડિટોનેટર બોમ્બ મળ્યા

દળોની સતર્કતાથી જમ્મુમાં મોટી આતંકી ઘટના ટળી : બોમ્બનો નાશ કરવામાં આવ્યો, આ મામલામાં કેસ નોંધીને તપાસ શરૂ કરાઈ

શ્રીનગર, તા.૧૫

સુરક્ષા દળોની તત્પરતાના કારણે જમ્મુમાં એક મોટી આતંકવાદી ઘટના ટળી છે. મોડી રાત્રે પાકિસ્તાની ડ્રોન ફલાઈ મંડલ પર સરહદ નજીક ઘૂસણખોરી કરી હતી. આ ડ્રોનમાં બે ટાઈમર આઈઈડી અને ચાર ડિટોનેટર બોમ્બ મળી આવ્યા છે. જો કે, આ બોમ્બનો નાશ કરવામાં આવ્યો છે. સુરક્ષા દળોનું કહેવું છે કે, આ મામલામાં કેસ નોંધીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

જો કે, હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ ઘટના બાદથી સરહદ પર સતર્કતા વધી ગઈ છે. પાડોશી દેશમાંથી જે પણ થઈ રહ્યું છે, તેના પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ મામલે અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, સોમવારે મોડી રાત્રે જમ્મુ જિલ્લાના ફલાઈન મંડલના સરહદી વિસ્તારમાં એક પોલીસ ચોકીની નજીક પાકિસ્તાની ડ્રોન દ્વારા છોડવામાં આવેલા બે ટાઈમર ફીટ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) મળી આવ્યા હતા.

જમ્મુ જિલ્લાના એસએસપી ચંદન કોહલીએ જણાવ્યું હતું કે, "સોમવારે મોડી રાત્રે લગભગ અડધા કિલો વજનના બે ટાઈમર ફીટ આઈઈડી અને ચાર ડિટોનેટર મળી આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

થાણેમાં ઉદ્ધવ-શિંદે જૂથના કાર્યકરો વચ્ચે અથડામણ

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ-શિંદે જૂથ વચ્ચેનો ટકરાવ જારી : ઉગ્ર બોલાચાલી, મારા-મારી : ઉદ્ધવ જૂથના નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરવામાં આવી રહ્યું હતું, ત્યારે સ્થળ પર હાજર શિંદે જૂથના કાર્યકરોએ ઠાકરે ટીમના સભ્યોને ખરાબ રીતે માર માર્યો હતો

થાણે, તા.૧૫

મહારાષ્ટ્રના થાણેમાં ફરી એકવાર શિવસેનાના બે જૂથો વચ્ચે લડાઈ જોવા મળી હતી. મળતી માહિતી મુજબ, સોમવારે મોડી રાત્રે શિંદે અને ઉદ્ધવ જૂથના સમર્થકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. કિસાન નગર વિસ્તારમાં આ ઘટના બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, જ્યારે ઉદ્ધવ જૂથના નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરવામાં આવી રહ્યું હતું, ત્યારે સ્થળ પર હાજર શિંદે જૂથના કાર્યકરોએ ઠાકરે ટીમના સભ્યોને ખરાબ રીતે માર માર્યો હતો. પોલીસે બંને પક્ષની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, કિસાન નગરમાં આ ઘટના બની હતી જ્યાં ઉદ્ધવ ઠાકરેના શિવસેના જૂથના નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરવામાં આવી રહ્યું હતું. સાંસદ રાજન વિચારે પણ નવા હોદ્દેદારોને અભિનંદન આપવા

● અનુસંધાન પાન-૭ પર

ટ્વીટર, ફેસબુક બાદ એમેઝોન ૧૦ હજાર કર્મીને છૂટા કરશે

આ માટેની કામગીરી શરૂ થઈ ગઈ, એમેઝોન પાસે દુનિયાભરમાં ૧૬ લાખ જેટલા ફુલ ટાઈમ અથવા પાર્ટટાઈમ લોકો કામ કરે છે

વોશિંગ્ટન, તા.૧૫

ટ્વિટર (ટ્વીટર લેઓફ), ફેસબૂક (મેટા લેઓફ), એમેઝોન જેવી કંપનીઓમાં અત્યારે છટણીની મોસમ(બીગ લેઓફ) ચાલે છે. તમામ મોટી કંપનીઓ હજારો કર્મચારીઓને ઘરભેગા કરી રહી છે. એમેઝોનના સીઈઓઅને દુનિયાના સૌથી ધનિક લોકો પૈકી એક જેફ બેઝોસ પણ પોતાની કંપનીમાંથી ઓછામાં ઓછા ૧૦ હજાર લોકોને કાઢી નાખવાના છે. આ માટેની કામગીરી શરૂ થઈ ગઈ છે. નવાઈની વાત એ છે કે તેઓ પર્યાવરણને બચાવવા માટે કરોડો ડોલરનું દાન પણ આપવાના છે. જેફ બેઝોસે કહ્યું છે કે તેઓ પોતાની મિલ્કતનો મોટા ભાગનો હિસ્સો દાનમાં આપવા માંગે છે. એમેઝોન જેવી કંપનીના સ્થાપક તરીકે જેફ બેઝોસ હંમેશા સમાચારમાં ચમકતા રહે છે. તાજેતરમાં તેઓ પોતાની પત્ની મેકેન્ઝી સ્કોટ સાથેના છૂટાછેડાના કારણે પણ ચર્ચામાં હતા.

મેકેન્ઝીએ જેફ બેઝોસથી અલગ થયા પછી પોતાની ૩૬ અબજની સંપત્તિમાંથી ૧૦ અબજ ડોલર દાનમાં આપ્યા છે. તેમણે પોતાનો એક ભવ્ય બંગલો પણ દાનકાર્ય માટે આપી દીધો હતો.

હવે જેફ બેઝોસ પણ પોતાની અત્યાર સુધીની કમાણીનો મોટા ભાગનો હિસ્સો દાનમાં આપવા તૈયાર થયા છે. તેમની પાસે લગભગ ૧૨૪ અબજ ડોલરની સંપત્તિ છે જેને તેઓ પર્યાવરણ અને પૃથ્વીને બચાવવા માટે માટે દાનમાં આપશે. ગ્લોબલ વોર્મિંગનો સામનો કરવા માટે આ ખર્ચ કરવામાં આવશે. પર્યાવરણ અને પૃથ્વીને બચાવવા માટે જેફ બેઝોસ ઉત્સાહિત છે અને પોતાની મિલ્કત ખર્ચ કરી નાખવા તૈયાર છે. પરંતુ કંપનીના નફાને ઘટતો અટકાવવા માટે તેમણે કંપનીમાંથી ૧૦ હજાર લોકોને છુટા કરવાનો નિર્ણય પણ લીધો છે.

૨૦૧૪ પહેલા અને પછી ભારતમાં મોટો તફાવત સ્પીડ અને સ્કેલનો : નરેન્દ્ર મોદી

ઈન્ડોનેશિયાના બાલીમાં વડાપ્રધાનનું ભારતીયોને સંબોધન : ભારત ઈન્ડોનેશિયાથી ૯૦ નોટિકલ માઈલ દૂર નહીં ૯૦ નોટિકલ માઈલ નજીક છે, બાલી આવ્યા પછી દરેક ભારતીયની અલગ લાગણી હોય છેઃ વડાપ્રધાન

બાલી , તા.૧૫

બાલીમાં ભારત અને ઈન્ડોનેશિયાના સંબંધોને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે અમે ૯૦ નોટિકલ માઈલ દૂર નથી, પરંતુ અમે ૯૦ નોટિકલ માઈલ નજીક છીએ. ભારતીય સમુદાયને સંબોધતા તેમણે કહ્યું કે ભારત અને ઈન્ડોનેશિયાનું જોડાણ માત્ર ખુશીની વાત નથી. સુખ-દુઃખમાં અમે સાથે ઊભા છીએ. તેમણે કહ્યું કે જ્યારે ૨૦૧૮માં ઈન્ડોનેશિયામાં તીવ્ર ભૂકંપ આવ્યો ત્યારે અમે ઓપરેશન સમુદ્ર મૈત્રી શરૂ કર્યું હતું. તેમણે કહ્યું, 'ત્યારે મેં કહ્યું હતું કે ભારત અને ઈન્ડોનેશિયામાં ભલે ૯૦ નોટિકલ માઈલનો નિર્ણય હોય, પરંતુ અમે ૯૦ નોટિકલ માઈલ દૂર નથી, બલ્કે અમે ૯૦ નોટિકલ માઈલ નજીક છીએ.'

અત્રે ઉલ્લેખનીય છે કે લગભગ ૧.૮ કિલોમીટરને નોટિકલ માઈલ કહેવામાં આવે છે. તેનો ઉપયોગ દરિયાઈ અંતર માપવા માટે થાય છે. દરિયાઈ અંતર

માત્ર નોટિકલ માઈલ દ્વારા માપવામાં આવે છે.

પીએમ મોદીએ કહ્યું કે બાલી આવ્યા બાદ એક અલગ જ અહેસાસ થાય છે. મોદીએ કહ્યું, 'બાલી આવ્યા પછી દરેક ભારતીયની અલગ લાગણી હોય છે, અને હું પણ તે જ અનુભવી રહ્યો છું.' તેમણે કહ્યું કે ૨૦૧૪ પહેલા અને ૨૦૧૪ પછી ભારતમાં મોટો તફાવત સ્પીડ અને સ્કેલનો છે. તેમણે કહ્યું કે આજે ભારત અભૂતપૂર્વ ગતિ અને અભૂતપૂર્વ સ્કેલ પર કામ કરી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે બાલીથી દોઢ હજાર કિલોમીટર દૂર ભારતના કટક શહેરમાં મહાનદીના કિનારે 'બાલી જાત્રા'નો તહેવાર ઉજવવામાં આવે છે. તેમણે કહ્યું કે આ તહેવાર ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના હજારો વર્ષના વેપાર સંબંધોની ઉજવણી કરે છે. પીએમે કહ્યું કે આપણે હંમેશા વાત કરતી વખતે કહીએ છીએ કે દુનિયા બહુ નાની છે. જો આપણે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો પર નજર કરીએ તો આ વાત એકદમ ફિટ બેસે છે.

ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું કે વિશાળ સમુદ્રના મોજાઓએ બંને દેશો વચ્ચેના

● અનુસંધાન પાન-૭ પર

વડાપ્રધાન મોદી યુએસ પ્રમુખ બાઈડનને ઉષ્માભેર મળ્યા

બાલી, તા.૧૫

ઈન્ડોનેશિયાના બાલીમાં આયોજિત જી૨૦ દેશોના શિખર સમ્મેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન વચ્ચે જબરજસ્ત કેમેસ્ટ્રી જોવા મળી. જી૨૦ સમ્મેનલના સ્થળ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાજુમાં બાઈડને બેસવાનું હતું. બાઈડનને આવતા જોઈને વડાપ્રધાન મોદી પોતાની ખુરશી પાસેથી ખસ્યા હતા ત્યાં તો અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ઝડપથી તેમની તરફ આવી ગયા. બાઈડન દૂરથી જ હાથ આગળ કરીને આવ્યા હતા જેથી તેઓ વડાપ્રધાન મોદી સાથે હાથ મિલાવી શકે. વડાપ્રધાન મોદી બાઈડન સાથે હાથ મિલાવ્યા બાદ તેમને ગળે પણ મળ્યા હતા અને તેમનું સ્વાગત કર્યું. બાઈડન અને પીએમ મોદી જ્યારે મળી રહ્યા હતા, ત્યારે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેનુઅલ મેક્રો પણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા અને તેઓ ભારતના વડાપ્રધાન મોદીની પીઠ પર હાથ મૂકીને નીકળી રહ્યા હતા. વડાપ્રધાને દોસ્ત મેક્રોને જોઈને હાથ મિલાવ્યો અને તેમનું સ્વાગત કર્યું.

આસામમાંથી બોક્સમાં લઈ જવાતા સાત કાળા વાંદરા જપ્ત કરાયા

આસામના હૈલાકાંડી જિલ્લામાં પોલીસ ટીમની કાર્યવાહી : તમામ ૭ પ્રાણીઓ મિઝોરમમાંથી લેવામાં આવ્યા હતા, આ મામલે બે લોકોની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરાઈ

દિસપુર, તા.૧૫

આસામના હૈલાકાંડી જિલ્લામાંથી દુર્લભ અને ભયંકર કાળા વાંદરાઓ ઝડપાયા હતા. રામનાથપુર પોલીસ સ્ટેશન વિસ્તારની હૈલાકાંડી પોલીસ ટીમે સાત કાળા વાંદરાઓને જપ્ત કર્યા છે. તમામ ૭ પ્રાણીઓ મિઝોરમમાંથી લેવામાં આવ્યા હતા. હૈલાકાંડી પોલીસે જણાવ્યું કે, આ મામલે બે લોકોની ધરપકડ

● અનુસંધાન પાન-૭ પર

VED INTERNATIONAL SCHOOL SARGASAN

Walk in interview

16th November'22 (Wednesday)
to
19th November'22 (Saturday)
Time- 8.00am to 11.00am

We are hiring !
Kindergarten and Primary educators(ENG.MED.)
Higher secondary Accounts and Commerce for English and Gujarati medium,
Higher Secondary Sanskrit, Philosophy, Sociology and Psychology for English medium.

VED INTERNATIONAL SCHOOL
SARGASAN.
MOBILE NO. 9067808593

બદ્રીનાથ ધામના દરવાજા શિયાળા માટે બંધ કરવાની શરૂઆત

કેદારનાથ, તા.૧૫

ચાર ધામમાંનાં એક બદ્રીનાથ ધામના દરવાજા શિયાળા માટે ૧૯ નવેમ્બરે બપોરે ૩.૩૫ કલાકે બંધ કરવામાં આવશે. આજથી એટલે કે ૧૫મી નવેમ્બરથી ધામના કપાટ બંધ કરવાની પ્રક્રિયા શરૂ થશે. બીજી તરફ બદ્રીનાથ ધામના દરવાજા બંધ થવાના અવસર પર ચમોલી જિલ્લામાં ૧૯ નવેમ્બરે રજા રહેશે. તમામ શાળાઓ બંધ રહેશે અને સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ બંધ રહેશે.

ભાજપે લોકસભા અને વિધાનસભાની પેટા ચૂંટણી માટે ઉમેદવાર જાહેર કર્યા

અખિલેશ યાદવના પત્નીએ જે બેઠક પર ઉમેદવારી નોંધાવી છે તે મૈનપુરી લોકસભા બેઠક માટે રઘુરાજ સિંબ શાક્ય ભાજપના ઉમેદવાર

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ વિવિધ રાજ્યોમાં યોજાનારી લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કરી છે. ભાજપએ ઉત્તર પ્રદેશની મૈનપુરી લોકસભા બેઠક પર રઘુરાજ સિંબ શાક્યને મેદાનમાં ઉતાર્યા છે. તમને જણાવી દઈએ કે, સમાજવાદી પાર્ટી (એસપી) ના સંસ્થાપક મુલાયમ સિંહ યાદવના અવસાન બાદ ખાલી થયેલી બેઠક પર તેમના પુત્ર અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ પેટા ચૂંટણી લડી રહી છે. કાલે તેમણે પોતાનું નામાંકન દાખલ કર્યું હતું.

આ સિવાય ભાજપએ વિવિધ રાજ્યોમાં ૫ વિધાનસભા બેઠકો પર યોજાનારી પેટા ચૂંટણી માટે ઉમેદવારોના નામની પણ જાહેરાત કરી છે. ભાજપએ રાજસ્થાનના સરદાર શહેર બેઠક પરથી અશોક કુમાર પિંચાને ઉમેદવાર બનાવ્યા છે. આ સાથે જ બિહારની કુરહાની બેઠક પર યોજાનારી પેટા ચૂંટણીમાં કેદાર પ્રસાદ ગુપ્તાને મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપએ છત્તીસગઢની ભાનુપ્રાપરુપ (અનામત) બેઠક પરથી બ્રહ્માનંદ નેતામને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશની ખતૌલી અને રામપુર વિધાનસભા બેઠકો પર યોજાનારી પેટા ચૂંટણી માટે પણ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે.

ભાજપએ ખતૌલી બેઠક પરથી રાજકુમારી સૈની અને રામપુર બેઠક પરથી આકાશ સક્સેનાને મેદાનમાં ઉતાર્યા છે. તમને જણાવી દઈએ કે, સમાજવાદી પાર્ટીના દિગ્ગજ નેતા આઝમ ખાનની સદસ્યતા રદ થયા બાદ રામપુર બેઠક ખાલી પડી છે.